(1) પિરિયોડીક લેબર ફોર્સ સર્વે 2018-19 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સર્વે નેશનલ સ્ટેટીસ્ટીકલ ઓફિસ (NSO) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) સર્વે મુજબ, બેરોજગારીનો દર 5.8% રહયો છે.

(3) ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરમાં ઓછી બેરોજગારી જોવા મળી છે.

(4) મહિલા ભાગીદારી દરમાં ઘટાડો થયો છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4)  (D) માત્ર (1) અને (4)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નેશનલ સ્ટેટીસ્ટીકલ ઓફિસ (NSO) દ્વારા જુલાઈ 2018થી જૂન 2019 માટેનો પિરિયોડીક લેબર ફોર્સ સર્વે (PLFS) જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ સર્વે મુજબ, 2017-18ના સમયગાળા માટે બેરોજગારીનો દર 6.1% હતો જે 2018-19માં ઘટીને 5.8% થયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સમય માટે શહેરી બેરોજગારીનો દર 7.8%માંથી ઘટીને 7.7% થયો છે જ્યારે ગ્રામ્ય બેરોજગારીનો દર 5.3%માંથી ઘટીને 5% થયો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ મહિલા ભાગીદારીનો દર પણ 17.5%માંથી વધીને 18.6% થયો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ શ્રમિક વસતી દર (Worker Population Ratio) પણ 34.7%માંથી વધીને 35.3% થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ (BADP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ કાર્યક્રમ ગૃહ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.

(2) આ કાર્યક્રમ છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો.

(3) આ કાર્યક્રમ શરૂઆતના સમયે ભારતની પશ્ચિમી સરહદ માટે કાર્યરત હતો.

(4) વર્તમાન સમયે આ કાર્યક્રમ સમગ્ર દેશમાં લાગુ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગૃહ મંત્રાલયે બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ **(BADP)**ના **10%** ફંડને માત્ર ચીન સાથેની સરહદ પરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુધાર માટે ખર્ચવાની જાહેરાત કરી છે.

⇛ ગૃહ મંત્રાલય દ્વારા આ કાર્યક્રમ **1986-87**માં લોન્ચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ કાર્યક્રમ બોર્ડર મેનેજમેન્ટના ભાગરૂપે લોન્ચ કરવામાં આવ્યો હતો.

⇛ **BADP**ની શરૂઆત સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન ભારતની પશ્ચિમી સીમા માટે કરવામાં આવી હતી. (આથી, વિધાન **(2)** ખોટું છે જ્યારે વિધાન **(3)** સાચું છે.)

⇛ વર્તમાન સમયે આ કાર્યક્રમ આ રાજ્યોમાં કાર્યરત છે : ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીર (વિભાજન પહેલાનું), હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, સિક્કીમ, આસામ, અરુણાચલપ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ, મણિપુર અને પશ્ચિમ બંગાળ. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) 'State of India's Environment 2020 in Figures' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE) દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ વર્ષ 2019માં આપત્તિ અને ગંભીર વાતાવરણની પરિસ્થિતિઓના કારણે આશરે 50 લાખ આંતરિક સ્થાનાંતર (Internal Digplacement) જોવા મળ્યાં હતાં.
(3) રિપોર્ટ મુજબ ભારતના 38% જિલ્લાઓના વન આચ્છાદનમાં ઘટાડો નોંધાયો છે.
(4) ભારત ટકાઉ વિકાસ લક્ષ્યોને સિદ્ધ કરવામાં મોટા પડકાર અનુભવી રહયું છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE) દ્વારા 'State of India's Environment 2020 in Figures' નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ રિપોર્ટ મુજબ વર્ષ 2019માં આપત્તિ અને ગંભીર વાતાવરણની પરિસ્થિતિ જેમ કે, પૂર, ચક્રવાત અને દુકાળના કારણે આશરે 50 લાખ આંતરિક સ્થાનાંતર જોવા મળ્યા હતાં. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ ઉપરાંત વર્ષ 2019માં ભારતમાં થયેલું આંતરિક સ્થાનાંતર વિશ્વમાં સૌથી વધુ હતું.

⇒ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભારત ટકાઉ વિકાસ લક્ષ્યોને સિદ્ધ કરવા માટે મોટા પડકાર અનુભવી રહયું છે. ખાસ કરીને SDG 1 (ગરીબી) અને SDG 6 (શુદ્ધ પાણી અને સ્વચ્છતા) માટે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ ભારતના 38% જિલ્લાઓના વન આચ્છાદનમાં ઘટાડો નોંધાયો છે તથા 21 રિવર બેસીનમાંથી 5 બેસીન પાણીની અત્યંત અછતની પરિસ્થિતિમાં છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) Arsenicum Album દવા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) COVID-19 સમક્ષ આગોતરા રૂપે તેને અટકાવવા માટેની આ એક દવા છે.
(2) આ એક હોમીયોપેથીક દવા છે જેની ભલામણ આયુષ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
(3) આ દવાથી કફ, શરદી અને ડાયેરિયાને અટકાવવામાં મદદ મળશે.
(4) વર્તમાન સમયસુધી આ દવા COVID-19 સમક્ષ કેવી રીતે કાર્ય કરશે તેના કોઈ વૈજ્ઞાનિક પૂરાવાઓ નથી.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ આયુષ મંત્રાલય દ્વારા **Arenicum Album** નામની હોમિયોપેથીક દવાની ભલામણ **COVID-19** સમક્ષ આગોતરા રૂપે **(Preventive Use)** વાપરવા માટે કરવામાં આવી છે. (આથી, વિધાન **(1)** અને **(2)** સાચાં છે.)

⇛ ડિસ્ટીલ્ડ પાણીમાં આર્સેનીકને ગરમ કરીને આ દવા બનાવવામાં આવે છે.

⇛ આ દવા શરીરની બળતરાને ઠીક કરવા માટે યોગ્ય માનવામાં આવે છે. ઉપરાંત આ દવા દ્વારા કફ, શરદી અને ડાયેરિયાને અટકાવવામાં મદદ મળશે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ વર્તમાન સમય સુધી **COVID-19** સમક્ષ આ દવા કેવી રીતે કાર્ય કરશે તેના કોઈ વૈજ્ઞાનિક પૂરાવાઓ નથી. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ઈબોલા રોગચાળાના ફેલાવા દરમિયાન **WHO** દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મોટા ચેપના ફેલાવા સમક્ષ યોગ્ય રસી ન મળે ત્યાં સુધી વૈજ્ઞાનિક રીતે પૂરવાર ન થયેલી દવાઓની ભલામણ કરવી નૈતિક રીતે યોગ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) Amery Ice Shelf વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ગ્રીનલેન્ડના ઉત્તર છેડે આવેલ આઈસ શેલ્ફ છે.

(2) NCPOR સંસ્થાના જણાવ્યા અનુસારે વર્ષ 2021 સુધીમાં આ આઈસ શેલ્ફના કદમાં 49%નો ઘટાડો થશે.

(3) વર્ષ 2018માં આ આઈસ શેલ્ફના વિસ્તારમાં 1470 મીટરનો વધારો થયો હતો.

(4) તે એન્ટાર્કટીકાનું ત્રીજા ક્રમનું સૌથી લાંબુ આઈસ શેલ્ફ છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (3) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ NCPOR સંસ્થાના અનુમાન મુજબ Amery Ice Shelfના કદમાં વર્ષ 2021 સુધીમાં 24%નો વધારો થશે તથા વર્ષ 2026 સુધીમાં અન્ય 24%નો વધારો થશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ NCPORનું પૂરુંનામ નેશનલ સેન્ટર ફોર પોલાર એન્ડ ઓશન રિસર્ચ છે.

⇛ NCPORનું અનુમાન 16 વર્ષની લાંબી ઉપગ્રહની માહિતીઓ પર આધારિત છે.

⇛ Amery Ice Shelf એન્ટાર્કટીકાના પૂર્વ કિનારે આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે એન્ટાર્કટીકાનું ત્રીજા ક્રમનું સૌથી લાંબુ આઈસ શેલ્ફ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અગાઉના વર્ષોમાં પણ આ આઈસ શેલ્ફના કદમાં નીચે મુજબ વધારો જોવા મળેલો છે :

- 2017 550 મીટર
- 2018 1470 મીટર
- 2019 2200 મીટર

(આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT